# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-01-2025** **MIDDAY : 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ અવકાશ ટેકનોલોજીમાં નવા માપદંડો સ્થાપિત કરી રહ્યો છે
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, વિકાસના માર્ગ પર કામ કરતી વખતે દેશના વારસાને જાળવવા અને તેમાંથી પ્રેરણા લેવા પ્રયાસો કરવા જોઈએ
3. પ્રધાનમંત્રીએ ૭૫મા પ્રજાસત્તાક દિવસની અગાઉથી શુભેચ્છાઓ પાઠવતા બંધારણ સભાના સભ્યોને યાદ કર્યા
4. ભારતીય મોબિલિટી ઉદ્યોગ 2030 સુધીમાં બમણો થઈને 600 અબજ અમેરિકન ડોલરને પાર કરશે
5. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ સ્વિટ્ઝર્લૅન્ડના દાઓસમાં વિશ્વ આર્થિક મંચ 2025માં દેશના વિકાસ મોડેલ વિશે માહિતી આપશે
6. ગાઝામાં ઇઝરાયલ અને હમાસ વચ્ચેનો યુદ્ધવિરામમાં વિલંબ

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MANKI BAAT -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ અવકાશ ટેકનોલોજીમાં નવા માપદંડો સ્થાપિત કરી રહ્યો છે, જેમાં દૂરંદેશી વૈજ્ઞાનિકો અને નવીનતાઓ ભવિષ્યના પડકારોનો ઉકેલ લાવી રહ્યા છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમના 118મી કડીમાં  રાષ્ટ્રને સંબોધતા, શ્રી મોદીએ અવકાશ ક્ષેત્રમાં દેશની તાજેતરની સિદ્ધિઓની પ્રશંસા કરી.

(Byte –PM REPUBLIC)

# MANKI BAAT -2

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૭૫મા પ્રજાસત્તાક દિવસની અગાઉથી શુભેચ્છાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે આ વર્ષનો ઉત્સવ ખાસ છે કારણ કે આ વર્ષે બંધારણ અમલમાં આવ્યાના ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે.

શ્રી મોદીએ બંધારણ ઘડવામાં યોગદાન આપનારા બંધારણ સભાના સભ્યોને યાદ કર્યા હતા.

અવકાશ ક્ષેત્રે સફળતાઓ અંગે તેમણે આ મુજબ જણાવ્યું ..

(Byte –PM SPACE)

# MANKI BAAT -3

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકાસના માર્ગ પર કામ કરતી વખતે દેશના વારસાને જાળવવા અને તેમાંથી પ્રેરણા લેવા પ્રયાસો કરવા જોઈએ.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ પર પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સમાનતા અને સંવાદિતાનો અસાધારણ સંગમ છે. તેમણે કહ્યું કે, કુંભ વિવિધતામાં એકતાના તહેવારની ઉજવણી કરે. તેમણે કહ્યું કે, કુંભમાં, અમીર અને ગરીબ બધા ભેગા થાય છે અને સંગમમાં ડૂબકી લગાવે છે જે દેશની એકતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, કુંભનું આયોજન પ્રયાગરાજ, ઉજ્જૈન, નાસિક અને હરિદ્વારમાં થાય છે અને બીજી તરફ, ગોદાવરી, કૃષ્ણા, નર્મદા અને કાવેરી નદીઓના કિનારે પુષ્કરમનું આયોજન થાય છે.

રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા પર્વની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, પોષ શુક્લ દ્વાદશીના દિવસે લાખો રામ ભક્તોએ અયોધ્યામાં રામ લલ્લાના દર્શન કર્યા અને તેમના આશીર્વાદ મેળવ્યા.

# MANKI BAAT -4

સ્ટાર્ટ-અપઇન્ડિયાના નવ વર્ષ પૂર્ણ થવા પર, પ્રધાનમંત્રીએકહ્યું કે, દેશની સ્ટાર્ટ-અપસંસ્કૃતિ ફક્ત મોટા શહેરો સુધી મર્યાદિત નથી. તેમણે કહ્યું કે, અંબાલા, હિસાર, કાંગડા, ચેંગલપટ્ટુ,બિલાસપુર, ગ્વાલિયર અને વાશિમ સ્ટાર્ટ-અપ્સના કેન્દ્રોબની રહ્યા છે, અને નાગાલેન્ડમાંગયા વર્ષે સ્ટાર્ટ-અપ્સની નોંધણીમાં 200 ટકાથી વધુનો વધારો થયો છે.

નેતાજીસુભાષચંદ્ર બોઝના યોગદાનને યાદ કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશ 23 જાન્યુઆરીને નેતાજીની જન્મજયંતિ પર પરાક્રમ દિવસ તરીકે ઉજવશે. પ્રધાનમંત્રીએકહ્યું કે નેતાજીએ આઝાદ હિન્દ રેડીઓની સ્થાપનાકરી હતી,જે લોકો માટે પ્રેરણા બની હતી.

**(Byte –PM SUBHASCHANDRA BOSE)**

# INDIAN MOBILITY INDUSTRY

ભારતીય મોબિલિટી ઉદ્યોગ 2030 સુધીમાં બમણો થઈને 600 અબજ અમેરિકન ડોલરને પાર કરશે.. થિંક ટેન્ક ગૂગલ અને બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપના અહેવાલમાં જણાવાયું છે કે ઇલેક્ટ્રિક, શેર્ડ અને કનેક્ટેડ મોબિલિટી જેવા ઉભરતા આવક ક્ષેત્રો 2030 સુધીમાં ઉદ્યોગમાં 100 અબજ અમેરિકન ડોલરનું યોગદાન આપી શકે છે, જેમાં મોટાભાગની આવક નવી આંતરિક કમ્બશન એન્જિન (ICE) તકનીકોમાંથી આવશે.. ઓટોમોબાઇલ્સ, ફાઇનાન્સ અને વીમા જેવા ક્ષેત્રોમાંથી આવક આવવાની અપેક્ષા છે, જેમાં વેચાણનો પણ સમાવેશ થાય છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ ક્ષેત્રમાં કામ કરતા લોકોએ ઇલેક્ટ્રિક વાહન ચાર્જિંગ માળખાકીય વિકાસનો અભાવ, વાહનની ઊંચી કિંમત, બેટરી લાઇફ અને મોડેલો અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

# VAISHNAW-WEF-2025

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આવતીકાલથી સ્વિટ્ઝર્લૅન્ડના દાઓસમાં શરૂ થઈ રહેલા વિશ્વ આર્થિક મંચ 2025માં ભાગ લેશે. આ કાર્યક્રમ દરમિયાન, શ્રી વૈષ્ણવ દેશના વિકાસ મોડેલ વિશે માહિતી આપશે. તેમની મુલાકાત પહેલા, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે દેશમાં સમાજના તમામ વર્ગોના વિકાસને સુનિશ્ચિત કરવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે,. તેમણે કહ્યું કે પાંચ દિવસીય વિશ્વ આર્થિક મંચ દરમિયાન, સમાવિષ્ટ વિકાસ, સામાજિક, ભૌતિક અને ડિજિટલ માળખાગત સુવિધાઓમાં રોકાણ અને ટેકનોલોજીના લોકશાહીકરણના મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા થશે.

શ્રી વૈષ્ણવે એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ હેઠળ દેશની પરિવર્તનકારી ડિજિટલ યાત્રામાં વિશ્વએ રસ દાખવ્યો છે. તેમણે કહ્યું કે વિશ્વ ભારતની આર્થિક નીતિ, ડિજિટલ માળખાગત સુવિધાઓ અને સમાજના તમામ વર્ગોને સશક્ત બનાવવા માટે ટેકનોલોજીના ઉપયોગને સમજવા માટે ઉત્સુક છે.

# REV.-SAIF-ATTACKER

અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં, પોલીસે મહારાષ્ટ્રના થાણેથી મોહમ્મદ શરીફુલ ઇસ્લામ શહજાદ નામના એક વ્યક્તિની ધરપકડ કરી છે. આજે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ક્રાઈમ બ્રાન્ચ મુંબઈ ડીસીપી દીક્ષિત ગેદામે જણાવ્યું કે, પ્રાથમિક પુરાવાને આધારે આરોપી મૂળ બાંગ્લાદેશનો હોવાનું સામે આવ્યું છે.તેની પાસે કોઈ માન્ય ભારતીય દસ્તાવેજો મળ્યા નથી. મુંબઈ પોલીસે વધુમાં જણાવ્યું હતું કે થોડાક મહિના પહેલા તેને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરી પોતાનું નામ બદલીને વિજય દાસ રાખ્યું હતું અને જે મુંબઈની આસપાસ રહેતો હતો. તેની સામે એફઆઈઆર નોંધવામાં આવી છે.

# J-K-CENTRAL-TEAM

ગૃહમંત્રી અમિત શાહે  જમ્મુ અને કાશ્મીરમાં રહસ્યમય રોગથી પ્રભાવિત બધાલગામની મુલાકાત લેવા માટે એક આંતર-મંત્રાલયની એક સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે. રાજૌરી જિલ્લાના બાંધાલ ગામમાં છેલ્લા 45 દિવસમાં એક રહસ્યમય બીમારીને કારણે લગભગ 16 લોકોના મોત થયા છે. હોસ્પિટલમાં દાખલ કરતી વખતે લોકોએ તાવ, દુખાવો, બેચેની અને બેભાન સ્થિતિની ફરિયાદ કરી હતી. કેન્દ્રીય ટીમ તાત્કાલિક રાહત પૂરી પાડવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવાના પગલાં પર પણ કામ કરશે.

ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીના નેતૃત્વ હેઠળની કેન્દ્રીય ટીમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કૃષિ, રસાયણો અને ખાતરો અને જળસંસાધન મંત્રાલયના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા રચાયેલી વિશેષ તપાસ ટીમે આ મૃત્યુના સંદર્ભમાં પૂછપરછ માટે શંકાસ્પદોની ધરપકડ કરી છે.

# ISRAEL HAMAS

ઇઝરાયલે હમાસ સાથે ગાઝા યુદ્ધવિરામમાં વિલંબ કર્યો છે. ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ જણાવ્યું છે કે જ્યાં સુધી હમાસ બંધકોના નામ નહીં આપે ત્યાં સુધી યુદ્ધવિરામ અમલમાં આવશે નહીં.

પ્રધાનમંત્રી કાર્યાલય તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેમણે ઇઝરાયલ સંરક્ષણ દળો ને યુદ્ધવિરામ શરૂ ન કરવા સૂચના આપી હતી, જે ભારતીય સમય મુજબ બપોરે 12 વાગ્યે અમલમાં આવવાનો હતો. બીજી તરફ, હમાસ જણાવ્યું છે કે ટેકનિકલ કારણોસર કરારના અમલમાં વિલંબ થયો છે. યુદ્ધવિરામ કરાર અનુસાર, મુક્ત થનારાઓના નામ આયોજિત અદલાબદલીના 24 કલાક પહેલા ઉપલબ્ધ કરાવવાના રહેશે.

# NIGERIA-TANKER-EXPLOSION

ઉત્તર નાઇજીરીયામાં એક પેટ્રોલનું વાહન કરતી એક ટેન્કર પલટી જતાં થયેલા વિસ્ફોટમાં 77 લોકો માર્યા ગયા છે અને કેટલાક ઇજાગ્રસ્ત થયા છે. ગઈકાલે ઉત્તર મધ્ય નાઇજર રાજ્યના સુલેજા વિસ્તારમાં ટેન્કર પલટી જતાં તેમાં રહેલું પેટ્રોલ છલકાઈ ગયુ હતું . લોકો આ પેટ્રોલ લેવા માટે દોડી આવ્યાની થોડીવારમાં જ વિસ્ફોટ થયો હતો જેમાં ડઝનેક લોકો માર્યા ગયા અને બચાવકર્તાઓ સહિત 25થી વધુ ઇજાગ્રસ્ત થયા હતા. ઇજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવી રહી છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે આજે પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના છૂટાછવાયા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે. મધ્યપ્રદેશ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં આવતીકાલ સુધી અને આ મહિનાની 21 તારીખ સુધી આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં સમાન હવામાન પરિસ્થિતિઓની અપેક્ષા છે. મધ્યપ્રદેશના એકાંત વિસ્તારોમાં ઠંડીની સ્થિતિ થવાની સંભાવના છે.

હવામાન વિભાગે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી પણ કરી છે. માછીમારોને આ વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવે છે

# TRAINS-DELAYED

દિલ્હીમાં ગાઢ ધુમ્મસને કારણે દ્રશ્યતા ઓછી થતાં ટ્રેનોની અવરજવર પ્રભાવિત થઈ છે. રેલ્વેના જણાવ્યા અનુસાર અનુસાર, દિલ્હી જતી 41 ટ્રેનો તેના નિર્ધારિત સમયથી ત્રણથી ચાર કલાક મોડી ચાલી રહી છે.જેમાં પુરુષોત્તમ ,ગોરખધામ અને  શ્રમશક્તિ એક્સપ્રેસ, સહિતની ટ્રેનોનો સમાવેશ થાય છે. મુસાફરોને ટ્રેનોની નવીનતમ સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવી છે.

# PM---BJP-WORKERS

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે 'મેરા બૂથ સબસે મજબૂત' કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 જાન્યુઆરીએ ભાજપના કાર્યકરો સાથે વાતચીત કરશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ પાર્ટી કાર્યકરોને આ કાર્યક્રમ માટે તેમના વિચારો રજૂ કરવા વિનંતી કરી છે.